# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-07-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) સંસદનાં ચોમાસા સત્રનો આજથી પ્રારંભ.
2) રાજ્યમાં સ્વામિત્વ યોજના અંતર્ગત 200 રૂપિયાની ફી લઈને મિલકતધારકોને અપાતી "સનદ" હવે વિનામૂલ્યે અપાશે
3) કેન્દ્ર સરકારની વિવિધ યોજનાનું અસરકારક અમલીકરણ અને કામનું મૂલ્યાંકન કરવા રાષ્ટ્રીય સ્તરની નિરીક્ષણ ટુકડી સુરતની મુલાકાતે
4) દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં આવતીકાલે મધ્યમ વરસાદની આગાહી
5) સુરતના ખેલાડી મોહસિન અલી-મોહમ્મદ શેઠે વિએતનામમાં યોજાયેલી પાવર-લિફ્ટીંગ સ્પર્ધામાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MONSOON-SESSION

સંસદનાં ચોમાસા સત્રનો આજથી પ્રારંભ થયો. આગામી 21 ઓગસ્ટ સુધી ચાલનારા સત્રમાં કુલ 21 બેઠક મળશે. ઓપરેશન સિંદૂર પછી આ પહેલું સંસદ સત્ર છે. સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું સત્ર દરમિયાન જન વિશ્વાસ (સુધારા) વિધેયક - 2025, રાષ્ટ્રીય રમતગમત શાસન વિધેયક - 2025 અને મર્ચન્ટ શિપિંગ વિધેયક - 2024 સહિત મહત્વનાં વિધેયક રજૂ કરાશે.

દરમિયાન રાજ્યમાં ગત પાંચ વર્ષમાં 37 લાખ 56 હજાર 390 સૂક્ષ્મ , લઘુ અને મધ્યમ ઉદ્યોગો-MSME નવી નોંધણી થઈ છે. સંસદના ચોમાસું સત્રના પહેલા દિવસે આજે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ કરેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય MSME રાજ્ય મંત્રી શોભા કરંદલાજેએ ગૃહમાં આ માહિતી આપી. તેમણે કહ્યું આત્મનિર્ભર ભારત ભંડોળ દ્વારા 50 હજાર કરોડનો મૂડી ઉમેરો કરાયો છે. MSMEની સ્થિતિમાં સુધારો થાય તે માટે બિન-કરવેરા લાભ 3 વર્ષ માટે લંબાવાયા છે.

સંસદનાં બંન્ને ગૃહ આવતીકાલે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરાયાં.

.......................

# SWAMITVA YOJANA

રાજ્યમાં સ્વામિત્વ યોજના અંતર્ગત મિલકતધારકોને સનદ હવે વિનામૂલ્યે અપાશે. તેમને સનદ માટે હવે 200 રૂપિયા ફી નહીં ચૂકવવી પડે. આ સાથે જ રાજ્ય સરકારના નિર્ણયથી મિલકતધારકોને સનદ મેળવવાના નાણાકીય ભારણથી મુક્તિ મળશે. સાંભળીએ એક અહેવાલ.

(V/C- MAYUR SOLANKI)

*(....ગ્રામીણ વિસ્તારોના મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના હેતુથી ગામડાઓની વસતિનો સર્વેક્ષણ અને ગ્રામ્ય વિસ્તારમાં સુધારેલી ટૅકનોલોજી સાથે આલેખન એટલે કે, સ્વામિત્વ યોજના શરૂ કરવામાં આવી છે. ત્યારે રાજ્ય સરકારે 200 રૂપિયાની મોજણી એટલે કે , સરવે ફી લઈને અપાતી સનદ હવે ગ્રામીણ મિલકતધારકોને નિઃશુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી રાજ્યમાં 'સ્વામિત્વ' યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોના મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત તેમના રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી 'સનદ' પણ વિનામૂલ્યે મળશે. તેનાથી 25 લાખ જેટલા લોકને લાભ થશે.)*

*મયુર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

. . . . . . . . . . . . .

# ANAND RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી અને આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે આજે આણંદમાં જિલ્લાના બ્રિજની ચકાસણી અને માર્ગોના સમારકામ અંગે સમીક્ષા બેઠક યોજી. જિલ્લા કલેક્ટર પ્રવિણ ચૌધરીએ વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું સમયસર સમારકામ કરાયું હોવાનું મંત્રીશ્રીને જણાવ્યું. બેઠક બાદ શ્રી પટેલે માધ્યમો સાથે વાતચીતમાં વધુ માહિતી આપી.

**(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

આ પહેલા આરોગ્ય મંત્રીએ ખેડાની મુલાકાત દરમિયાન નડિઆદ નગરમાં આવેલા સરદાર ભવનથી મિશન રોડ તરફ જતાં બ્રિજનું નિરિક્ષણ કર્યું. તેમણે બ્રિજ અંગે સમયાંતરે તૈયાર થતા અહેવાલ અંગે સંબંધિત વિભાગીય અધિકારીઓ સાથે ચર્ચા કરી. તેમજ બ્રિજના કામમાં ગુણવત્તા જળવાઈ રહે એ મુદ્દે જેતે અધિકારીઓને સૂચનાઓ પણ આપી.

. . . . .

# ROAD –REPAIRING ...STATE

રાજયભરમાં ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગો અને બ્રિજનું સમારકામ ચાલી રહ્યું છે. ત્યારે મહીસાગરમાં લોકોએ "ગુજમાર્ગ" એપ્લિકેશન દ્વારા માર્ગનાં સમારકામ માટે કરેલી અરજીનો માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિકાલ કરવામાં આવી રહ્યો છે. જિલ્લાના લુણાવાડા તાલુકાના જેસિંગપુરના ગ્રામજનોની માર્ગ સમારકામની અરજીનો, નિકાલ કરાયો.

**સુરેન્દ્રનગર**ના ધ્રાંગધ્રા તાલુકાના જસાપર નારીચણા માર્ગનું સમારકામ કરાયું. તેમજ ધ્રાંગધ્રા, જેગડવા રામગઢ પાસે આવેલા બ્રિજ ઉપર પ્રવેશબંધી કરવામાં આવી હોવાથી રામગઢ, હામપુર, સીતાપુર, ધ્રાંગધ્રા માર્ગનો વૈકલ્પિક ઉપયોગ કરવાનો રહેશે.

તો બીજી તરફ જામનગર-લાલપુર-પોરબંદર માર્ગ, કૈલાસ પેટ્રોલ પંપથી સેવક ભાટિયા જંકશન સુધીના માર્ગ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે.

. . . .

# CENTRAL TEAM SURAT VISIT

કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય સ્તરની નિરીક્ષણ ટુકડી- N.L.M. આગામી 26 જુલાઈ સુધી સુરત જિલ્લાની મુલાકાતે છે. આ ટુકડી જિલ્લામાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાનું અસરકારક અમલીકરણ અને કામગીરીનું મૂલ્યાંકન કરી રહી છે. તાજેતરમાં આ ટુકડીએ બારડોલીના બાબેન ગામ , મહુવા તાલુકાના ઉમરા, ઉમરપાડાના સરવન ફોકડીની મુલાકાત લીધી. હવે તેઓ આવતીકાલે મહુવાના દેદવાસણ ગામ , 23મીએ બારડોલીના રૂવા ગામની મુલાકાત લેશે.

N.L.M. ટુકડી મુખ્યત્વે મહાત્મા ગાંધી નરેગા , પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના સહિત ગ્રામ પંચાયતની વિવિધ વિકાસલક્ષી યોજનાઓની મૂળ કામગીરીની સમીક્ષા કરશે.

. . . .

# CBI COURT

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઈની કોર્ટે લાંચ કેસમાં પશ્ચિમ રેલવે , ભાવનગરના ભૂતપૂર્વ ડિવિઝનલ એન્જિનિયરને ત્રણ વર્ષની સખત કેદ અને એક લાખ રૂપિયાનો દંડ કર્યો છે.

CBIએ વર્ષ 2010માં આરોપી હરીશ કિશોર ગુપ્તા પર રેલવે કોન્ટ્રાક્ટર પાસેથી ગેરકાયદે રકમ માગવા અને સ્વીકારવા તેમજ ગુનાહિત ગેરવર્તણૂક કરવાના ગુના બદલ તાત્કાલિક કેસ નોંધી ધરપકડ કરી હતી. હરીશ કિશોર ગુપ્તાના નિવાસસ્થાન અને કાર્યાલય પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યના અનેક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલે દક્ષિણ , મધ્ય અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તો માછીમારોને આગામી 25 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

દરમિયાન રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 114 તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ પાંચ ઈંચ જેટલો વરસાદ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 53 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

. . . . . .

# PORBANDAR MUG KHARIDI

રાજ્ય સરકાર દ્વારા પોરબંદર જિલ્લામાં  3 હજાર 847 ખેડૂત પાસેથી 44 કરોડ 55 લાખ રૂપિયાના મગની ખરીદી કરવામાં આવી છે. સરકારે ટેકાના ભાવે ખરીદી કરી બજારભાવ કરતા ખેડૂતોને સારો ભાવ આપતા તેમણે સંતોષ વ્યક્ત કર્યો. પોરબંદર માર્કેટીંગ યાર્ડના મેનેજર હમીરભાઈએ આ અંગે વધુ માહિતી આપી.

(બાઇટ – હમીરભાઇ (મેનેજર, પોરબંદર માર્કેટીંગ યાર્ડ)

. . . . . . . .

# GUJARAT BOARD

રાજ્યમાં ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ 12 સામાન્ય , વ્યવસાયલક્ષી, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા આપનારા ઉમેદવારો શિક્ષણ બોર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG પર ગુણ-ચકાસણીની અરજી કરી શકશે. આગામી 28 જુલાઈએ સાંજે પાંચ વાગ્યા સુધી ઉમેદવારો આ માટેની ઑનલાઈન અરજી કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે , જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી પૂરક પરીક્ષાનું પરિણામ 17 જુલાઈએ જાહેર કરાયું હતું.

. . . . . . . . .

# RAIL CROSSING CLOSE

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર આવેલી મહેસાણા—હિમ્મતનગર રાજમાર્ગ પર રેલ્વે ક્રોસિંગ નંબર ઓગણસિત્તેર અસ્થાયી રૂપે 4 કલાક બંધ રહેશે.

ક્રોસિંગ પર આંબલિયાસણ—વિજાપુર રેલવે લાઈન ગેજ પરિવર્તન પરિયોજના હેઠળ નવિનીકરણનું કામ હાથ ધરાશે. તેને લઈ આવતીકાલે રાત્રે સાડા 11 વાગ્યાથી 23 જુલાઈએ વહેલી સવારે સાડા ત્રણ વાગ્યા સુધી ક્રોસિંગ બંધ રાખવાનો નિર્ણય કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . .

# SURAT GOLD MEDAL

સુરતના ખેલાડી મોહસિન અલી-મોહમ્મદ શેઠે પાવર-લિફ્ટીંગ ચેમ્પિયનશીપ 2025માં બે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. વિએતનામમાં યોજાયેલી સ્પર્ધામાં ખેલાડીએ માસ્ટર-વન શ્રેણીમાં 495 કિલો વજન ઊંચકી પાવર લિફ્ટીંગ અને ડેડ-લિફ્ટ વિભાગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે.

સ્પર્ધામાં ભાગ લેનારા ચીન , જાપાન, ભારત, સિંગાપોર, કુવૈત, બહેરિન, થાઈલૅન્ડ, વિએતનામ, દક્ષિણ કૉરિયા, નેપાળ, કઝાખસ્તાન અને કિર્ગીસ્તાન દેશના ખેલાડીઓને પાછળ મુકી સુરતના ખેલાડીએ આ સિદ્ધિ મેળવી છે. ખેલાડી મોહસિન અલી મોહમ્મદ શેઠે તેમના ચંદ્રકને દેશને સમર્પિત કર્યા છે. તેમણે પરિવાર અને મિત્રોના સાથ બદલ આભાર પણ વ્યક્ત કર્યો.

. . . .